પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૦ | ૧૧ જાન્યુઆરી, ૨૦૨૨, મંગળવાર; પોષ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્ર-દિલ્હીમાં કોરોનાનું અતિસંક્રમણ

**છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૭૯૭૨૩ કેસ નોધાયા : કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા હવે ૩૫,૭૦૭,૭૨૭ થઈ ગઈ : કોરોનાને માત આપનારાની સંખ્યા ૩૪૫૦૦૧૭૨ થઈ, એક દિવસમાં ૪૬૫૬૯ લોકો કોરોનાથી રિકવર થયા, છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૬ લોકોએ જીવ ગુમાવ્યા**



નવી દિલ્હી,તા.૧૦

ભારતમાં કોરોના વાયરસનો કહેર સતત ચાલુ છે. કોવિડ-૧૯ના નવા કેસમાં ૧૨.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧.૭૯ લાખથી વધુ નવા દર્દીઓ નોંધાયા છે. ફક્ત ૧૩ દિવસમાં કોવિડના દૈનિક કેસ ૨૮ ગણા થઈ ગયા છે. ૨૮ ડિસેમ્બરે ૬,૩૫૮ નવા કેસ નોંધાયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ કોરોના વાયરસના નવા ૧,૭૯,૭૨૩ કેસ નોધાયા છે. ભારતમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા હવે ૩૫,૭૦૭,૭૨૭ થઈ ગઈ છે. એક્ટિવ કેસની વાત કરીએ તો હાલ દેશમાં ૭,૨૩,૬૧૯ દર્દીઓ સારવાર હેઠળ છે. ડેઈલી પોઝિટિવિટી રેટ વધીને ૧૩.૨૯% થયો છે. કોરોનાને માત આપનારાની સંખ્યા ૩૪,૫૦૦,૧૭૨ થઈ છે. એક દિવસમાં ૪૬,૫૬૯ લોકો કોરોનાથી રિકવર થયા છે. કોરાનાથી છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૬ લોકોએ જીવ ગુમાવ્યા. અત્યાર સુધીમાં ૪૮૩,૯૩૬ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. ઓમિક્રોનની વાત કરીએ તો

● અનુસંધાન પાન-૭ પર

# મોદીની સુરક્ષામાં ચૂકની તપાસ માટે સુપ્રીમના નિવૃત્ત જજની સમિતિ

**કમિટીમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીના ડીજી અને ઈન્ટેલિજન્સ બ્યૂરોના પંજાબ યૂનિટના એડિશનલ ડીજી પણ સામેલ હશે**

નવી દિલ્હી, તા.૧૦

રેલીના સંબોધન માટે પંજાબ ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં થયેલી ચૂકની ચર્ચા દેશભરમાં ચાલી રહી છે. અનેક પ્રકારના પ્રશ્નો થઈ રહ્યા છે. રાજકીય પાર્ટીઓ આરોપ-પ્રત્યારોપ કરી રહી છે. આ ઘટનાની તપાસ માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજોની આગેવાનીમાં એક સમિતિ તૈયાર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે આજની સુનાવણીમાં તપાસ માટે કમિટીની જાહેરાત કરી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કમિટીમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)ના ડીજી અને ઈન્ટેલિજન્સ બ્યૂરોના પંજાબ યૂનિટના એડિશનલ ડીજી પણ સામેલ હશે.

ચીફ જસ્ટિસ એનવી રમનની આગેવાનીમાં સુપ્રીમ કોર્ટની બેન્ચ દ્વારા દલીલ રજૂ કરવામાં આવી હતી. સીનિયર એડવોકેટ ડીએસ પટવાલિયાએ જણાવ્યું કે, એસએસપીને સાત શો કોઝ (કારણ જણાવો) નોટિસ આપીને પૂછવામાં આવ્યું છે કે આખરે તેમના વિરુદ્ધ કાર્યવાહી કેમ ન થવી જોઈએ. મને મારો પક્ષ મૂકવાની તક આપવામાં નથી આવી. જ્યારે કાર્યવાહી રોકવામાં આવી તો શૉ કોઝ નોટિસ ક્યાંથી આવી ગયા. મને કેન્દ્ર સરકારની તપાસ સમિતિથી ન્યાય નહીં મળે, સ્વતંત્ર તપાસની જરુર જણાઈ રહી છે.

એડવોકેટ પટવાલિયાએ આગળ કહ્યું કે, પંજાબના મુખ્ય સચિવના નામ પર જાહેર કરવામાં આવેલી શૉ કોઝ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, એસપીજી એક્ટ અંતર્ગત આપવામાં આવેલી જવાબદારીનું પાલન થયેલું જણાતુ નથી. વીવીઆઈપી ટ્રાવેલ માટે પૂરતી વ્યવસ્થા કરવામાં નથી આવી. સોલિસિટર જનરલ તુષાર મહેતા સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રના પક્ષમાં ઉભા હતા. તેમણે કોર્ટને જણાવ્યું કે, પંજાબના ડીજી અને ચીફ સેક્રેટરીને શો કોઝ નોટિસ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે તપાસ રોકવાનો આદેશ આપ્યો તો આગળ કાર્યવાહી કરવામાં નથી આવી. કેન્દ્ર સરકારે વડાપ્રધાનની સુરક્ષામાં થયેલી ચૂકની તપાસ માટે જે કમિટીની રચના કરી હતી, તેણે કોર્ટના આદેશ પર પોતાનું કામ રોકી લીધું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જે દલીલ કરવામાં આવી છે અને વાત વડાપ્રધાનની સુરક્ષાની છે, માટે યોગ્ય રહેશે કે તમામ રેકોર્ડને પંજાબ હરિયાણા હાઈકોર્ટના રજિસ્ટ્રાર પોતાની પાસે રાખી લે.


# ન્યૂયોર્કના એપાર્ટમેન્ટમાં આગથી ૧૯ના મોત

**બગડેલા ઈલેકટ્રિક સ્પેસ હીટરને કારણે આગ લાગી : પાછલા ૩૦ વર્ષમાં ન્યૂયોર્કમાં આ સૌથી ભયાનક આગની ઘટના, ડઝનથી વધારે લોકો આ આગને કારણે ઈજાગ્રસ્ત**

ન્યૂયોર્ક, તા.૧૦

ન્યૂયોર્ક શહેરના બ્રોન્ક્સમાં એક અપાર્ટમેન્ટમાં ભીષણ આગ લાગવાને કારણે નવ બાળકો સહિત ૧૯ લોકોના દર્દનાક મૃત્યુ થયા છે. કહેવામાં આવે છે કે એક બગડી ગયેલા ઈલેકટ્રિક સ્પેસ હીટરને કારણે આગ લાગી હતી. પાછલા ૩૦ વર્ષમાં ન્યૂયોર્કમાં આ સૌથી ભયાનક આગની ઘટના છે. ડઝનથી વધારે લોકો આ આગને કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત પણ થયા છે. ન્યૂયોર્કના ફાયર વિભાગ તરફથી પ્રાપ્ત જાણકારી અનુસાર, ઈમારતના બીજા અને ત્રીજા માળે આગ લાગી હતી. આ બન્ને માળ સળગીને રાખ થઈ ગયા છે.

મેયર એરિક એડમ્સ, ગવર્નર કૈથી હોચુલ અને અમેરિકન સીનેટર ચાર્લ્સ શૂમર ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા.



## કોને કોને કોરોના

- રક્ષામંત્રી રાજનાથસિંહ કોરોનાથી સંક્રમિત
- ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડા કોરોનાથી સંક્રમિત થયા
- બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને કર્ણાટકના મુખ્યમંત્રી બાસવરાજને કોરોના પોઝીટીવ
- પૂર્વ કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને કોરોના પોઝીટીવ
- સીઆરપીએફના ૯૩૧ જવાનો એક સાથે કોરોના પોઝીટીવ
- અભિનેત્રી અને બીજેપી નેતા ખુશ્બુ સુંદરને કોરોના પોઝીટીવ
- સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ૮ અધ્યાપકો સહિત ૧૪ને કોરોના
- રાજકોટ મનપાના આસિસ્ટન્ટ કમિશનર સમીર ધડુક કોરોનાથી સંક્રમિત
- ભાજપના પ્રદેશ ઉપપ્રમુખ ભરત બોઘરા અને મ્યુ. ફાયનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખ ભંડેરી અને રાજકોટ જિલ્લા ભાજપના મહામંત્રી મનીષ ચંગેલા કોરોનાથી સંક્રમિત
- ધ્રાંગધ્રાના ધારાસભ્ય પરસોત્તમ સાબરીયા, શૈલેષ મહેતા, પિયુષ દેસાઈ કોરોનાથી સંક્રમિત

# યુપીમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ : ચાર મજૂરોનાં મોત

**ઉત્તર પ્રદેશના શામલી ખાતેની બુટરાડા ગામની ઘટના : ફેક્ટરીમાં વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે, ત્યાં કામ કરી રહેલા અનેક મજૂરોના શરીરોના ચીંથરા ઉડી ગયા હતા**

નવી દિલ્હી, તા.૧૦

ઉત્તર પ્રદેશના શામલી ખાતે



બુટરાડા ગામ સ્થિત ફટાકડાંની ફેક્ટરીમાં સોમવારે બપોરના સમયે ભીષણ વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં અનેક મજૂરોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. આ દુર્ઘટના અંગે જાણ થતાં જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ ઉપરાંત રાહત અને બચાવની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. જાણવા મળ્યા મુજબ વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે, ત્યાં કામ કરી રહેલા અનેક મજૂરોના શરીરોના ચીંથરા ઉડી ગયા હતા. ભીષણ વિસ્ફોટના કારણે આજુબાજુના વિસ્તારો પણ ધણધણી ઉઠ્યા હતા અને લોકોએ તે સ્થળે દોટ મુકી હતી. આ ઉપરાંત ગ્રામીણોએ પોલીસને પણ સૂચના આપી હતી. પોલીસે જણાવ્યું કે, ફટાકડાં બનાવતી વખતે ફેક્ટરીમાં વિસ્ફોટ થયો છે. વિસ્ફોટના કારણે અનેક મજૂરોના શરીરના ચીંથરા ઉડીને દૂર જઈને પડ્યા હતા તેના પરથી જ દુર્ઘટનાની ભંયકરતા જણાઈ આવે છે.

# ઓમિક્રોન હવે ડેલ્ટાનું સ્થાન લઈ રહ્યો હોવાની વૈજ્ઞાનિકોની ચેતવણી

પુણે, તા.૧૦

કોરોના પોઝિટિવના જીનોમ સિકવન્સિંગ પર કામ કરતા વૈજ્ઞાનિકો દ્વારા એક ગંભીર સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વૈજ્ઞાનિકોએ તપાસ દરમિયાન જોયું કે, મૂળ ઓમિક્રોન (બી.૧.૧.૫૨૯) વેરિયન્ટ બીએ.૧નો ભાઈ (સબ-લિનિયેજ એટલે કે વંશ) છે, જેનું જોર વધતા તે ડેલ્ટાનું સ્થાન લઈ રહ્યો હોવાનું જોવા મળ્યું છે. જીનોમ સિકવન્સિંગ પર કામ કરતા વૈજ્ઞાનિકોએ આ ફેરફાર મહારાષ્ટ્ર અન્ય રાજ્યના સેમ્પલમાં જોયા છે. ઓમિક્રોન વેરિયન્ટ ડેલ્ટા કરતા હળવો હોવાનું શરુઆતના તારણોમાં કહેવામાં આવ્યું છે, આ વેરિયન્ટથી સંક્રમિત દર્દીઓમાં હળવા લક્ષણો દેખાય છે જેના કારણે હાલ જેવી સ્થિતિ રહી તો હોસ્પિટલમાં ધસારો થવાની સંભાવના નહીંવત છે. જોકે, વાયરસ સમય જતા વધારે ખતરનાક રૂપ ધારણ કરે તો આખી સ્થિતિ પલટાઈ શકે છે.

આઈઆઈટી કાનપુરના પ્રોફેસર મહિન્દ્રા અગ્રવાલ દ્વારા સૂત્ર મૉડલના આધારે ત્રીજી લહેરની પીક અંગે સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તેમણે મૉડલની હાલની સ્થિતિ પ્રમાણે જાન્યુઆરીના અંતમાં ભારતમાં ત્રીજી લહેર પીક પર પહોંચવાની શક્યતા વ્યક્ત કરી છે. આ સિવાય દિલ્હીમાં દૈનિક કેસ (સાત દિવસ સરેરાશ)ની સંખ્યા ૫૦,૦૦૦-૬૦,૦૦૦૦ પહોંચવાની અને મુંબઈમાં ૩૦,૦૦૦ પર પહોંચવાની શક્યતા વ્યક્ત કરી છે.




# સુરક્ષામાં છીંડા પાડવાની જવાબદારી શીખ ફોર જસ્ટિસ સંગઠને સ્વિકારી

**વડાપ્રધાનની સુરક્ષામાં ચૂક મામલે નવો વળાંક : તપાસ સમિતિના નિર્ણય બાદ સુપ્રીમ કોર્ટના ૫૦થી વધુ વકીલોને આંતરરાષ્ટ્રીય નંબરથી ફોન આવ્યા**

નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચૂક મામલે નવો વળાંક સામે આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસની તપાસ માટે સમિતિ રચવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યાર બાદ સુપ્રીમ કોર્ટના ૫૦ કરતાં પણ વધારે વકીલોને આંતરરાષ્ટ્રીય નંબરથી ફોન કરવામાં આવ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ ફોન કોલ વડાપ્રધાન મોદીની સુરક્ષામાં જે ચૂક થઈ હતી તેના સાથે સંબંધીત હતા. શીખ ફોર જસ્ટિસ (એસએફજે)એ ફોન કરીને વડાપ્રધાનની સુરક્ષામાં છીંડુ પાડવાની જવાબદારી સ્વીકારી છે. થોડા દિવસો પહેલા લુધિયાણા કોર્ટમાં થયેલા બ્લાસ્ટ પાછળ પણ શીખ ફોર જસ્ટિસ સંગઠનનો હાથ હતો. હુમલાના આરોપી જસવિંદર સિંહ મુલ્તાનીની જર્મની ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. જસવિંદર સિંહ મુલ્તાની 'શીખ ફોર જસ્ટિસ (SFJ)' સાથે સંકળાયેલો છે. ઉલ્લેખનીય છે કે, શીખ ફોર જસ્ટિસ એક ખાલિસ્તાની સંગઠન છે. આ સંગઠનને ભારત સરકાર પ્રતિબંધિત કરી ચુકી છે. સંગઠનનું હેડક્વાર્ટર અમેરિકામાં છે અને આ સંગઠનના અનેક સદસ્ય એનઆઈએની રડાર પર છે.

# કુરૂઢિઓ નાબૂદી માટે ક્ષત્રિય વણઝારા જાતિનો નિર્ધાર






**હિંમતનગર,** જન્મથી માંડી મૃત્યુ પર્યન્તના ૧૬ સંસ્કારના સારા તત્વો ચાલુ રાખી તેમાં ઘુસાડી દેવાયેલી પાંખડી પરંપરાઓની નાબૂદી માટે ક્ષત્રિય વણઝારા સમાજના અંદાજે ૪૦૦ ચુનંદા આગેવાનોની હિંમતનગર ખાતે મળેલી બેઠકમાં પૂર્વ અધિક સચિવ, સમાજ કલ્યાણ અને ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ કે.જી.વણઝારાએ આહ્વાન કર્યુ હતું.

તા.૯-૧૧-૨૦૨૨ ના રોજ મળેલી આ બેઠકને સંબોતા શ્રી વણઝારાએ લલકાર કર્યો હતો કે હિંદુ ધર્મ શાસ્ત્રોમાં ૧૬ સંસ્કારનો પવિત્ર શાસ્ત્રીય મહિમા હતો, પરંતુ કાળક્રમે આ સંસ્કારોને સ્વાર્થી અને પાખંડી તત્વોએ દૂષિત કરી દેતા આવી કુરૂઢિઓના અમલમાં દેખાદેખી અને ચડસાચડસીથી ખેંચાતા ગરીબ કુટુંબ આર્થિક અને ધાર્મિક રીતે પાયમાલ થઈ રહ્યા છે. અસંખ્ય પાપ કર્યા પછી પણ પ્રયાગ ખાતે ગંગા નદીમાં અસ્થિ વિસર્જન કરવાથી સ્વર્ગ મળે છે તેવી ભ્રામણ માન્યતાના કારણે ગરીબ વણઝારા કુટુંબો પણ મૃતક વ્યકિત પાછળ પ્રયાગ ખાતે અસ્થિ વિસર્જન કર્યા પછી અંદાજે ૩ લાખનો ખર્ચ કરે છે. ગુજરાતમાં વર્ષે અંદાજે આવા વિસર્જનના ૫૦૦ કાર્યક્રમો યોજાય છે. જેમાં અંદાજે ૩ લાખ લેખે ગણાતા રૂ.૧૫ કરોડનો ખર્ચ થાય છે, તેની સામે વિદ્યાર્થીઓ, નિરાધારો, વિધવાઓ, વૃધ્ધો અને બેકાર યુવાનો નાંણાકીય સહાય વગર ટળવળે છે. વિકસીત સમાજો જેવા કે બ્રાહ્મણ, પાટીદાર, ક્ષત્રિય, કારીગર અને અન્ય પછાત દલિત જાતિઓમાં ફૂંકાતા સુધારાવાદી પવનમાંથી બોધપાઠ લઈ કન્યાવિક્રય, દહેજ, મિથ્યા પ્રેતભોજન અને પ્રયાગ અસ્થિ વિસર્જનના વેડફાતા કરોડો રૂપિયા સમાજના શૈક્ષણિક, આર્થિક અને સામાજીક સર્વાંગી વિકાસ માટે દાનમાં આપવા જોઈએ તેવો સૌએ સંકલ્પ કર્યો હતો. પવિત્ર ગંગામાં અસ્થિ વિસર્જનથી સદ્‌ગતિ થતી નથી, પરંતુ પવિત્ર નદીઓ પ્રદૂષિત અને અપવિત્ર થાય છે જેને શુધ્ધ કરવા માટે કરદાતાના અબજો રૂપિયા ખર્ચવા પડે છે. ભૂલથી સગોત્રીય પેટા શાખાઓમાં થતા લગ્નો ટાળવાના પણ સંકલ્પો કર્યા હતા.

આ કાર્યક્રમમાં ક્ષત્રિય ધૂકડ-ભાટી શાખાના વણઝારા નંગાજી રાણાજી, નંગાજી બાલાજી, કોદરજી સુંદરજી, તોળાજી સુંદરજી, તોળાજી ડાહ્યાજી, રમેશજી નંગાજી, છગનજી કાળુજી તેમજ ચાવડા શાખાના લાખાજી પિરાજી, વિજયસિંહ ફૂલાજી, વાઘાજી રામાજી, જવારજી સુરતાજી તેમજ ચાંડિયા-સિસોદીયા શાખાના ભગવાનસિંહ કુંપાજી, રણજીતસિંહ કુંપાજી, બદાજી ઢગલાજી, ધુળાજી દુધાજી, મોતીજી ગોરાજી, લાદુજી સુંદરજી, ભગાજી ખીમાજી (ભુવાજી), લાદુજી મેરાજી, ઈજનેર વિક્રમ હજારીજી તેમજ બાગોરા-ગેહલોત શાખાના મગનજી જીવાજી, હરલાજી જેસીંગજી, વંછીજી હજારજી, બદાજી ઉમાજી, શંકરજી ઉમાજી, છગનજી મુળાજી તેમજ ભાટી શાખાના જવાજી ધર્માજી, ઉમાજી બુધાજી, મગનજી સુરતાજી, રાઠોડ શાખાના મગનજી નરસિંહજી, બદાજી ગોબરજી, નરસિંહજી ગોમાજી વગેરે સહિત અનેક મુખ્ય આગેવાનોએ સુધારાઓના અમલ માટે બધુ જ કરી છુટવાનો પડકાર ઝીલી લીધો હતો. આ કાર્યક્રમનું સફળ અને યશસ્વી આયોજન અને સંચાલન હિંમતનગરના વણઝારા આગેવાન અને બિલ્ડર મગનજી ગોરાજી, ચાંડિયા સિસોદીયાએ તન, મન અને ધનથી કર્યુ હતું.

***